

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છે સીલબંધ સીમાડા છતાં દારૂ પકડાય છે,*
*પોલીસ - ને બૂટલેગરી સંબંધો સંકળાય છે?*
*પકડાય બોટલો, છે ગામેગામ દારૂની ગંગા -*
*ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અકળાય છે!!*

હાઈકુ

*'હિંમતવાન'*
*પકડે છે પોલીસ -*
*'પ્રતીકાત્મક'!*

*યોગાનુયોગ -*
*જથ્થો તો પકડાય!*
*માલિક નહીં!!*

### ચિંતન

***જનની સમ જાનહિં પરનારી, ધન પરાવ બિષતેં બિષ ભારી ।***
***જે હરષહિં પર સંપતિ દેખી, દુખિત હો હિં પર બિપતી બિસેષિ ॥***

**ઉપરોક્ત સાખી કિષ્કિન્ધા કાંડમાંથી લેવામાં આવેલ છે...**

**પરનારી ને માતા સમાન માને, પારકાના ધનને ભારે વિષ સમાન સમજે, બીજાની સંપત્તિ જોઈ હરખ પામે, બીજાની વિપત્તિ જોઈ દુઃખી થાય, જેમને (હે રામ! તમે) પ્રાણ સમાન વહાલા છો.**

**જે ચારિત્ર્યવાન, સંત-સજ્જન છે પારકાની સંપત્તિને ઝેર સમાન ગણી તેનાથી દૂર રહે છે અને પારકાની વિપત્તિને પોતાની સમજી તેને મદદરુપ બને આવા સજ્જનોને તમે હે શ્રી રામ ખૂબ જ વ્હાલા છો.**

### સુવિચાર

- હોંસલા હોના ચાહિયે બસ.. જીંદગી તો કહીં સે ભી શુરુ હો સકતી હૈ - **નિદા ફાજલી**
- ચાદરમાંથી પગ ત્યારે બહાર આવે છે જયારે સિદ્ધાંતો કરતાં સપના મોટા થઈ જાય છે - **જનકલ્યાણ**
- આગળ વધવા વાળા બીજાને કયારેય અટકાવયા નથી અને બીજાને અટકાવવા વાળા કયારેય આગળ વધતા નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં જે કંઈ છોડવાનું નક્કી કરો, એને જો રાજીખુશીથી ન છોડી શકો, તો મન કદી પ્રસન્ન રહેતું નથી - **ડો. રઈશ મણિયાર**
- આપણા અસ્તિત્વ પર લોકોની સ્વીકૃતિની મહોર કયાં સુધી માગ્યા કરીશું - **અખંડ આનંદ**
- વિચારોની આવક ઓછી હોય તો શબ્દોનો બગાડ ઓછો કરો તો સારું - **નુફાત**
- આજનું ઔષધ : મેથીના દાણાનો પાઉડર સાથે આમળા પાઉડર અને દહીં મેળવી પેસ્ટ બનાવી એક કલાક માથામાં રાખવાથી ખોડો જતો રહે છે. ***(સંકલન : દિપક વી. આશરા)***

### બોધકથા

સિકંદર ને અમર બનવું હતું. એક ફકીરે એને કહ્યું. દૂર પહાડમાંથી એક વહેતા ઝરણાનું પાણી જો પીવામાં આવો તો સિકંદર અમર થઈ જાય. ખૂબ રઝળપાટ કરી પહાડ અને ઝરણું શોધી નાખ્યું. ઝરણાનું નિર્મળ જળ જોઈ સિકંદર ખુશ થઈ ગયો કારણ કે અમરતા હવે હાથવેંતમાં હતી.

પાણી પીવા ખોબો ભર્યો ત્યાં એક કાગડાએ વાચા ફૂટી. 'સબૂર, સિકંદર, સબૂર...' અચાનક કાગડાની બૂમ સાંભળી સિકંદર થોભ્યો. ત્યારે કાગડાએ બોલવાનું શરુ કર્યું.

'સિકંદર ! અમરતા જેવું મોટું કોઈ દુઃખ નથી, શા માટે અમરતાનું ભૂત આપને વળગ્યું છે, મને જુઓ હું યુગ યુગથી મોતને ઝંખતો જીવી રહ્યો છું. તેનું કરાણ હું અમરતાથી ત્રાસી ગયો છું. હું મરવા માંગુ છું પણ મરી શકતો નથી, હું પણ કાગડાઓનો રાજા હતો, મેં બધું જ જાણી લીધું છે મારા સૌ સાથીદારો મિત્રો, મૃત્યુ પછી જનારાઓની યાદીમાં ઝૂરી ઝૂરીને દુઃખમાં દિવસો પસાર કરું છું. આત્મહત્યાના પ્રયાસો પણ નકામા ગયા છે. મારે મરી જવું છે પણ અમરતાને કારણે પુનઃ પુનઃ જીવી જાઉં છું. મારે મરવું છે.'

કાગડાની વાત સાંભળી સિકંદરે ઝરણાનું પાણી પીવાનું ટાળ્યું અને ઘોડા પર પોતાના રાજય તરફ જવાનું મુનાસિબ લાગ્યું.

# સંસદ છે સમરાંગણ નહિ

તંત્રીસ્થાનેથી...

બજેટ સત્રના પ્રારંભે રાષ્ટ્રપતિએ રજૂ સંસદમાં થયેલા વિતંગવાદ આપણી લોકશાહીની વિદ્રૂપતાનો જ અહેસાસ કરાવે છે. બેઉ પક્ષોએ રીતસર ચૂંટણી મેદાનમાં કરાતાં નર્યા સ્વલક્ષી ભાષણો કર્યા. વડાપ્રધાન બહુ સારા વકતા છે પરંતુ એમનો હરહંમેશ વાણીવિલાસ જ કર્યો છે. કોંગ્રેસ આખા દેશનું ધનોતપનોત કાઢી નાખ્યું હોય એમ સિત્તોર વર્ષના સરવૈયામાં એમનો અત્ર તત્ર સર્વત્ર કોંગ્રેસ જ ખલનાયકના રોલમાં દેખાય છે. ગાંધીજીએ કોંગ્રેસનો વિખેરી નાખી અલગ રાજકીય સંગઠન ઊભું કરવાની વાત કરેલી તે સાચું, પણ એવું સંગઠન ઊભું કરવાની આખરે તો કોંગ્રેસના આગેવાનો દ્વારા જ રચાયું હોત તે વાત મોદી ભૂલી જાય છે. ગાંધીજીએ આવો અભિપ્રાય આપ્યો એની પાછળ એમની સ્પષ્ટ સમજણ એ હતી કે આઝાદીની ચળવળમાં સામેલ થયેલા વિશિષ્ટ વિચારધારાનો વરેલા હતા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સંસ્થાપક કેશવ બલિરામ હેડગેવાર પણ કોંગ્રેસના સભ્ય બન્યા હતા અને જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી તો કોંગ્રેસના નહેરુ પ્રધાનમંડળમાં મંત્રી પણ હતા. કેટલાક જમણેરી વિચારધારા ડાબેરી વિચારધારા ધરાવતા આચાર્ય નરેન્દ્ર દેવ અને રામમનોહર લોહિયા જેવા પસ્પરર વિરોધી વિચારસરણી વાળા અગ્રણીઓએ આઝાદીની ચળવળના એક મુદ્દાના કાર્યક્રમમાં ભાગીદારી નોંધાવતા કોંગ્રેસની કંઠી પહેરી હતી. ગાંધીજી પોતે જમણેરી વિચારસરણીવાળા નેતા નહોતા તે યાદ રાખવું જોઈએ. એ સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ કોંગ્રેસી હતા અને અંતિમ વર્ષો દરમિયાન તો એમણે કોંગ્રેસનું સભ્યપદ પણ ત્યજી દીધું હતું. પરંતુ મોદી જયારે સરદાર પટેલનું નામ આગળ ધરી નહેરુનો વામણા ચીતરવા પ્રયાસ કરે છે ત્યારે તેઓ ગાંધીએ જ નહેરુનો વડાપ્રધાન પદ માટે પસંદ કર્યા હતા અને સરદારનો એમનો સહયોગ કરવા સહમત કર્યા હતા તે હકીકત ભૂલી જાય છે. રાહુલ ગાંધી કહે છે એમ મોદી આડ વાતો કરતા રહે છે પણ એમણે જે વર્તમાન મુદ્દાઓ સંદર્ભે પ્રશ્નો પૂછ્યા છે એનો ખુલાસો નથી કરતા. ફકત ૨૦૨૨ સુધીનાં લક્ષ્યાંક બતાવી દેવાથી પ્રજાનો છેતરી શકાય નહીં. કોંગ્રેસના નેતા કહે છે એમ મોદીનો ૨૦૧૯ સુધીનો મેન્ડેટ જ મળેલો છે અનો એમણે એ મર્યાદામાં રહી વાત કરવી જોઈએ. સરદારના નામનો દુરુપયોગ થઈ રહ્યો છે તે પણ ખૂબ જ ગંભીર બાબત ગણાવી જોઈએ. કોંગ્રેસ પાસો સરદાર મુદ્દે ચોખવટ કરી શકે એવો કોઈ નેતા નથી તે ઘણી જ દુઃખદ બાબત છે.

# સદ્ગુણોની ગંગોત્રી



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

દ્રાતૃત્વં પ્રિયવકૃત્વં ધીરત્વમુચિયજ્ઞતા ।
અભ્યોસેન ન ભજ્યતે ચત્વારઃ સહજાગુણ ॥

'માણસમાં આ ચાર ગુણો સહજ સ્વાભાવિક રીતે હોવા જોઈએ, તે આ પ્રમાણે છે :' (૧) દાન આપવાની ઈચ્છા (૨) મધુરવાણી (૩) ધીરજ એટલે સહનશીલતા અને (૪) ઉચિત અને અનુચિતનું જ્ઞાન, ઈશ્વરે આ સદ્ગુણો માણસને આપ્યા છે, તે જન્મજાત હોય છે.' આ ચાર ગુણો એ તમામ સદ્ગુણોની ગંગોત્રી છે. માટે તેને વિકસાવવા જેવાં છે.

**અભ્યાસથી સિદ્ધિ મળે :**

સદ્ગુણોની સાધના તમામ સાધનાઓમાં શ્રેષ્ઠ છે. તે વાત તરફ માણસનું ધ્યાન ઓછું જાય છે. રોજ મંદિર - આશ્રમે જતો માણસ એવો વિચાર નથી કરતો કે એનામાં સદ્ગુણો કેટલા વિકસ્યા અને અવગુમો કેટલા ગયા ? જો માણસ સાધના સાચી અને સમ્યગ કરતો હોય તો તે આત્મનિરીક્ષણ તો કરવાનો અને તેને પરિણામે તેનામાં પરિવર્તન આવે. સદ્ગુણોનો વિકાસ થાય અને દુર્ગુણો જવાના. ચિત્રકાર બનાવે. ન ગમે તો બીજું બનાવે. એમ સતત કરતો રહે તેને પરિણામે એક ચિત્ર એવું બને કે જેની કિંમત કરોડોમાં અંકાય. એવી જ રીતે શિલ્પકાર પણ મથતો રહે તો લાખો ઉપજે તેવી મૂર્તિ બનાવી શકે અભ્યાસ આ કરાવે છે.

સાધના એટલે સતત જાગૃત રહીને અભ્યાસ કરવો તે. હર પળે જાગૃત રહેવાથી જ સદ્ગુણોની વૃદ્ધિ થઈ શકે છે માણસ પાસે ધન પ્રામાણિકતાથી જ આવવું જોઈએ. એવું ધન માણસને અંદરનો આનંદ અને મસ્તી આપે છે.

સંત રહીમે અકબર બાદશાહને કહ્યું, બાદશાહત માણસને સુખી અને આનંદિત બનાવે તેવી કહી શકાય નહિ. ઉદ્યોગપતિની કાર ખોટવાઈ ગઈ, એક બહેન ત્યાં હતા. આણે પાણી માંગ્યું. પેલી બહેને પાણી નહિ પણ ઠંડી અને જાડી છે આપી. પછી કહ્યું, 'જમવાનો સમય થયો છે. તમે બેસો' પેલો કહે છે ? 'બહેન, તમારી પાસે ભોજનની સગવડ તો છે ને?' બહેન કહે છે 'બધુય છે. એને તેણે ગરમ-ગરમ રોટલા અને છાશનું ભોજન કરાવ્યું. આ છે 'દાતૃત્વમ્' પોતાની પાસે જે છે તેમાંથી ઘણું ખરું આપવું તે છે 'સાચું દાન'.

**સાર્વસ્વ આપવું તે સાચું દાન :**

ઝૂંપડીમાં માત્ર એક ડોશી રહેતી હતી. ધનની ચોરી કરવા રાત્રે એક ચોર આવ્યો. પગરવનો અવાજ સાંભળી માજી બોલ્યા, 'કોણ છે બેટા.' ચોરે આવો મધુર શબ્દ કયારે પણ સાંભળ્યો નહોતો. તે આગળ આવ્યો. તેને જોઈ માજી બોલ્યા, 'કેમ આજે દીકરા ?' પેલો કહે છે, 'મા ચોરી કરવા આવ્યો છું. મને ભૂખ લાગી છે.' માજીએ કહ્યું, 'આજે સવારે મને એક કેરી મળી હતી તેમાંથી અર્ધી મેં ખાધી છે. અર્ધી પડી છે તું ખા.' પોતાની પાસેનું બધું ખાવાનું આમ સહજ ભાવે આપી દીધું.

કોઈનું અહિત ન કરવું, કોઈ પણ માણસ જગતના પ્રાણી માત્રનું ભલું કરી શકતો નથી. ભગવાન રામ, કૃષ્ણ, મહાવીર કે બુદ્ધ પણ નહોતા કરી શકયા. પણ એમણે એક કામ 'કોઈનું પણ અહિત ન કરવું' એ જરૂર કર્યું. આવા માણસ જાતે પોતાના જીવનમાં વણી લેવા જેવી છે. અમેરિકાએ ઈરાકને ખતમ કરી નાખ્યા પછી જગતને એવી અપીલ કરી કે હવે ઈરાકને ઊભું કરવા તમે સૌ સહકાર આપો જેટલો થઈ શકે એટલો વિનાશ કરીને, થાય એટલો અત્યાચર કરીને હવે અમેરિકાના પ્રમુખ નવસર્જન કરવા નીકળ્યા છે. આના કરતાં વિશેષ દંભની વાત કઈ હોઈ શકે.

**શાંતિથી જીવવાનો સૌને અધિકાર :**

આ ધરતી ઉપર આને જીવવાનો અધિકાર છે. માણસે આ સૂત્ર અમલમાં મૂકવા જેવું છે. પતિ-પત્નીને, પિતા-પુત્રને, ભાઈ-ભાઈને, સાસુ-વહુને સરખું જીવવા દે. હજારો વર્ષ પહેલાં ઉપનિષદોએ કહ્યું, 'માતૃદેવો ભવ, પિતૃદેવો, પરસ્પર દેવો ભવ.' આ છે અહિત કર્યા વિના સૌને સરખી રીતે જીવવા દેવા ને. મહાભારતમાં વેદવ્યાસજીએ કહ્યું, 'તમે તો શાંતિથી જીવો જ પણ એવો અધિકાર સૌનો છે તેવો સ્વીકાર કરો અને અધિકાર સ્થાપવામાં મદદ કરો. જેને સેવા કહેવાય છે.'

માણસ માત્ર કરવા જેવું ચાર ગુણો સહજ, સ્વભાવિકપણે પોતાનામાં આત્મસાત્ કરવાનો પુરુષાર્થ સતત કરતા રહેવું જોઈએ. આ ચાર ગુમો જેનામાં હોય છે. તેવો માણસ સહજ રીતે ઉત્તમ જીવન જીવે છે. બીજાને એવું જીવવા દેવામાં મદદરુપ થાય છે. આત્મતત્ત્વ પામવાની સાધના પણ સહજપણે કરતો કરતો એવો માણસ મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે.

# સામાજિક સદ્ભાવના માટે કયો એવોર્ડ અપાય છે ?



## ખજાનો

અનિલ પટેલ

### એવોર્ડ (પારિતોષિકો)

૧ જેમના નામે નોબલ પારિતોષિક અપાય છે એ રસાયણશાસ્ત્રી આલ્ફ્રેડ બર્નાડ નોબેલ કયા દેશના વૈજ્ઞાનિક હતા ?
(અ) સ્કોટલેન્ડ (બ) સ્વિડન
(ક) આયર્લેન્ડ (ડ) ઈંગ્લેન્ડ

૨ કઈ સંસ્થાને શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ ત્રણ વાર એનાયત થયું છે ?
(અ) યુનિસેફ (બ) રોટરી ઈન્ટરનેશનલ
(ક) રેડક્રોસ (ડ) રાઈટ લવલીહૂડ સોસાયટી, લંડન

૩ ટાગોર સાહિત્ય એવોર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે?
(અ) રઘુવીર ચૌધરી (બ) ભોળાભાઈ પટેલ
(ક) પન્નાલાલ પટેલ (ડ) ડૉ. ભગવાનદાસ પટેલ

૪ સાહિત્ય અકાદમી (દિલ્હી દ્વારા પ્રથમ એવોર્ડ કયા ગુજરાતી સાહિત્યકારને મળ્યો હતો ?
(અ) મહાદેવભાઈ દેસાઈ (બ) ડૉ. હરિપ્રસાદ દેસાઈ
(ક) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (ડ) રાજેન્દ્ર શાહ

૫ કયા સાહિત્યકારને પ્રથમ નરસિંહ મહેતા એવોર્ડ એનાયત થયો હતો ?
(અ) જયોતિન્દ્ર દવે (બ) રમેશ પારેખ
(ક) રાજેન્દ્ર શાહ (ડ) ઝવેરચંદ મેઘાણી

૬ એબલ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) વિજ્ઞાન (બ) ગણિત
(ક) સાહિત્ય (ડ) ઈતિહાસ

૭ અર્જુન પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા ખેલાડી કોણ છે ?
(અ) પી.ટી. ઉષા (બ) કુંજરાણી
(ક) સાયના નહેવાલ (ડ) એન. મેલ્સડન

૮ સામાજિક સદ્ભાવના માટે નીચેનામાંથી કયો એવોર્ડ અપાય છે ?
(અ) નરસિંહ મહેતા એવોર્ડ (બ) કબીર એવોર્ડ
(ક) સરદાર પટેલ એવોર્ડ (ડ) એકલવ્ય એવોર્ડ

૯ મેગ્સેસે એવોર્ડ જેના દ્વારા અપાય છે તે રેમન મેગ્સેસે ફાઉન્ડેશન કયા દેશમાં આવેલ છે?
(અ) શ્રીલંકા (બ) મ્યાનમાર
(ક) ફિલિપાઈન્સ (ડ) ઓસ્ટ્રેલિયા

૧૦ એમ્પી પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) ફિલ્મ (બ) રમત
(ક) ટેલિવિઝન (ડ) પ્રિન્ટ મીડિયા

૧૧ ધર્મની ઉન્નતિમાં પ્રસંશનીય કામગીરી માટે કયો એવોર્ડ અપાય છે ?
(અ) કલિંગ પુરસ્કાર (બ) મેગ્સેસે એવોર્ડ
(ક) હરિઓમ આશ્રમ પુરસ્કાર (ડ) ટેમ્પલટન એવોર્ડ

૧૨ તુલસી સન્માન કઈ રાજય સરકાર દ્વારા અપાય છે ?
(અ) ગુજરાત સરકાર (બ) મધ્યપ્રદેશ સરકાર
(ક) મહારાષ્ટ્ર સરકાર (ડ) ઉત્તરપ્રદેશ

૧૩ વિશ્વ ખાદ્ય સંગઠન દ્વારા કયો પુરસ્કાર અપાય છે ?
(અ) બોરયમા પુરસ્કાર (બ) ગોપાલરત્ન પુરસ્કાર
(ક) બોરલોગ પુરસ્કાર (ડ) ગ્રૌક પ્રી એવોર્ડ

૧૪ કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા વિજ્ઞાન માટેનો 'કલીંગ પુરસ્કાર' આપે છે ?
(અ) યુએન (બ) યુનિસેફ
(ક) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડ) યુનેસ્કો

૧૫ ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપ ઑફ ન્યુઝપેપર દ્વારા પત્રકારત્વ માટે કયો એવોર્ડ અપાય છે ?
(અ) ચમેલી દેવી પુરસ્કાર (બ) વી.ડી. ગોયેન્કા પુરસ્કાર
(ક) શંકર પુરસ્કાર (ડ) રણજિતરામ સુવર્ણચંદ્રક

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૯ ફેબ્રુઆરી ૧૯૫૮ : અમૃતાસિંહ :** એક સમયના હિન્દી ફિલ્મના પ્રસિદ્ધ ફિલ્મ અભિનેત્રી. સની દેઓલ સાથેની ફિલ્મ 'બેતાબ'થી ખુબ પ્રસિદ્ધિ મળી. ૧૯૯૧માં અમૃતાએ તેનાથી ૧૨ વર્ષ નાના સૈફ સાથે લગ્ન કર્યા હતા.
- **૧૦ ફેબ્રુઆરી ૧૮૯૮ : બર્ટોલ્ત બ્રેખ્ત :** જર્મન નાટ્યકાર તથા રંગભૂમિને અલગ રીતે રંગરૂપ આપનાર. તબીબ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી પ્રથમ વિશ્વયુદ્ધમાં સૈનિક સેવામાં તબીબ તરીકે જોડાયા. 'એપિક થિયેટર'નું નિર્માણ કર્યું. 'સ્ટાનિલ શાંતિ પારિતોષિક' મેળવ્યું. માનવતા વાદી તથા લોક જાગૃતિના નાટકો લખ્યા. ૧૯૫૬માં અવસાન થયું.
- **૧૧ ફેબ્રુઆરી ૧૯૬૯ : જેનિફર એનિસ્ટન :** બોલીવૂડની ખૂભસુરત અભિનેત્રી બ્રેડના પ્રથમ પત્ની, ટેલીવિઝન પર કોમેડી કલાકાર તરીકે ઊભરી આવ્યા. 'ફ્રેન્ડ્સ' કાર્યક્રમમાં તેમણે ખુબ પ્રસિદ્ધિ મેળવી.
- **૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ : સરોજની નાયડુ :** જન્મ હૈદરાબાદમાં થયો હતો. જાણીતી કવયિત્રી તથા 'હિન્દના બુલબુલ' ના નામે જાણીતા બન્યાં. ૧૩ વર્ષની વયે ૧૩૦૦ પંક્તિઓ કાવ્ય સ્વરુપે રચી. સત્યાગ્રહ સમાજ સેવા, સ્ત્રી સેવામાં જીવન સમર્પિત કર્યું. આઝાદી બાદ યુક્ત પ્રાંતમાં ગર્વનર બન્યા. ૧૯૪૯માં ફરજ દરમિયાન લખનૌમાં અવસાન થયું.
- **૧૪ ફેબ્રુઆરી ૧૭૧૯ : જેમ્સ કૂક :** ઈંગ્લેન્ડમાં જન્મેલા સાગરખેડૂ. અત્યાધુનિક નાવ (જહાજ) બનાવનાર, સતત ભ્રમણ. કરીને નવી દુનિયા... નવા ટાપુઓ શોધવાનો શોખ. ૧૭૫૯માં 'મર્ક્યુરી' જહાજના કેપ્ટન બન્યા. ૧૭૭૮માં 'હવાઈ ટાપુઓ' શોધ્યા.
- **૧૫ ફેબ્રુઆરી ૧૯૨૬ : ડાંગરેજી મહારાજ :** વડોદરામાં જન્મેલા ડોંગરેજી મહારાજનું પુરું નામ રામચંદ્ર કેશવદેવ ડોંગરે હતું. સાત વર્ષ સુધી પુરાણો વેદો, વેદાંતોનો ગહન અભ્યાસ કર્યો. વધુ અભ્યાસ માટે કાશી ગયા. પ્રથમ ભાગવત્ કથા પુનામાં કરી. શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી તેમની શૈળીથી લોકોને કથામૃત પાન કરાવતા. નડિયાદ તેમનું આજીવન કર્મસ્થાન રહ્યું. તેમને દાન-ભેટ સ્વરુપે મેળવેલ ધનરાશિ મંદિરો અને હોસ્પિટલોમાં લોક કલ્યાણ માટે વાપર્યું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**હાલનાં ઈસરોના ડાયરેક્ટર કોણ છે ?**
**જવાબ : એ. એસ. કિરણકુમાર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૪) મહેશ એમ. જાદવ : રાયસણ
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં જેના પર વિવાદ થયો છે તે 'રફાલ'**
**અથવા**
**'રાફેલ' યુદ્ધ વિમાન કયા દેશની બનાવટનાં છે?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# પાવન પર્વે હૃદયનું પરિવર્તન



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

વારાણસીમાં એક શિકારી હતો. શિકારી એનો વ્યવસાય હતો. સ્વભાવથી એવો - કે ગુરુનો પણ દ્રોહ કરી નાખે. એથી લોકો એને 'ગુરુદ્રુહ' કહેતા.

આ ગુરુદ્રુહ એકવાર નિત્યક્રમ પ્રમાણે જંગલમાં ગયો. પણ આજે એની દશા ખરાબ થઈ. સાંજ સુધી કશું મળ્યું નહિ. રઝળપાટમાં ખૂબ થાકી ગયો. ભૂખ પણ લાગી હતી. એક તળાવને કિનારે બિલ્વવૃક્ષ હતું. એ આની ડાળ ઉપર બેસી ગયો. 'સાંજે' પ્રાણી જળાશયે આવશે જ' એ વિચારતો હતો.

ખરેખર આવું થયું. જળાશયમાં એક હરિણી પાણી પીવા આવ્યું. ગુરુદ્રુહે રાજી થઈનો શરસંધાન કર્યું. ચંચળ હરિણીનું ધ્યાન એના તરફ ગયું. જરા પણ ગભરાયા સિવાય એણે શિકારીને કહ્યું, 'શિકાર તારી આજીવિકા છે. હું તારું નિશાન છું. હું મારા પરિવારને છેલ્લી વાર મળી લઉં. કાલે સવારે હું આવી જાઉં.'

સ્થળનો પ્રભાવ સૌ કોઈ ઉપર પડે. એટલે તો લોકો તીર્થોમાં જતા હોય છે. શિકારી બેઠો હતો, તે બિલ્વવૃક્ષ હતું. નીચે અપૂજ શિવલિંગ હતું. તેને ખ્યાલ ન હતો. શિકારીએ એનો જવા દીધી. સ્થાનનો આ પ્રભાવ હતો.

પોતાને નિંદર આવતી હતી. એને એ રોકવા માગતો હતો. એથી એ બિલ્વવૃક્ષના પાંદડા એક પછી એક નીચે નાખ્યા કરતો હતો. એની પાણીની માટલીમાં છિદ્ર હતું. એમાંથી પાણી નીચે ટીપે ટીપે પડ્યા કરતું.

સવાર થઈ તો એનો ભારે આશ્ચર્ય થયું. ખરેખર મૃગલી હાજર ! માત્ર એ જ નહિ - સાથે એનો પતિ અનો બો શિશુઓ ! - સૌ કોઈ આત્મસમર્પણ માટે તૈયાર હતા. મૃગ પરિવારની વચન પાલનની સત્યનિષ્ઠા જોઈને, એનામાં સાત્ત્વિકતાનો ઉદય થયો. આ બધું તો એની ધારણા બહારનું હતું. એણે ધનુષ્યબાણ મૂકી દીધાં. મૃગ પરિવારનો વંદન કરીનો ઊભો રહ્યો અનો કહ્યું, 'મારે બાણ ચલાવવું નથી.'

શિકારી દિવસ અને રાત ભૂખ્યો રહ્યો. નીચે રાતભર બિલ્વપત્ર પડ્યા કર્યા. જળનો અભિષેક રાતભર ચાલતો રહ્યો. આ બધું ભલે અજાણતાં થયું - દિવસ-રાતના ઉપવાસ, રાતભર બિલ્વપત્ર અર્પણ અને જળનો અભિષેક રાતભર અજાણયા પણ થાય, તો શિવજી તો પ્રસન્ન થઈ જાય. ભગવાને વેશ બદલ્યો હતો. અર્જુન એની સાથે દ્વંદ્વ યુદ્ધ કરતો હતો. ભગવાને છલાંગ લગાવી. અર્જુને પેંતરાના ભાગરૂપે પગ પકડ્યા. તો શિવજી એના ઉપર પ્રસન્ન થઈ ગયા.

આની જેમ શિવજી અહીં પ્રસન્ન થઈ ગયા અને પ્રગટ થયા. એથી પ્રસન્નતા,



શિકારી તરફની અજાણયા પણ મળેલી ઉપાસનાને કારણે હતી. એની પ્રસન્નતા મૃગ પરિવારની વચનપાલનની સત્યનિષ્ઠા માટે હતી. આને કારણે -

(૧) પછીના જન્મે - શિકારી શૃંગવેરપુરનો રાજા ગૃહસ્થઃ શ્રીરામ સાથે મિલન થયું અને મૈત્રીમાં પરિણમ્યું.

(૨)મૃગલી સ્વર્ગમાંથી દેવોના શાપને કારણે ભ્રષ્ટ થયેલી અપ્સરા હતી. સ્વર્ગમાં એનો પોતાનું સન્માનનો સ્થાન પ્રાપ્ત થયું હતું.

(૩) મૃગનો નક્ષત્રરુપે ચિરંજીવ સ્થાન પ્રાપ્ત થયું. નક્ષત્રનું જ મૃગશીર્ષ નક્ષત્ર થયું.

શિકારીની આ પ્રેરણાદાયી ઘટના બની. હૃદયનું પરિવર્તન થયું. આ તિથિ મહાવદ ચૌદશની હતા. દરેક વદ ચૌદશ શિવરાત્રી ગણાય; પણ આ ચૌદસ મહાશિવરાત્રિ તરીકે ગણાવા લાગી. આ પાવન પર્વમાં ઉપાસના ત્રણ રીતની કરવી. ઉપસવા, રાતભર જલાભિષેક સાથે બિલ્વ અર્પણ.

આ રીતે, આ પર્વ જ સાત્ત્વિકતાના ઉદયનું છે. હૃદય પરિવર્તનનું છે.